Saarth
E-Journal of Research

ISSN NO: 2395-339X

# ફેશન ડિઝાઈનિંગમાં કારકિર્દી

ડો. રશ્મિ બી. દેસાઈ*

"ફેશન ડીઝાઈનિંગ એટલે પોશાક અને લાઈફસ્ટાઈલ એક્સેસરીઝની રચના માટેની સમર્પિત કળા "

આજે વિશ્વના સૌથી આકર્ષક અને મનમોહક કારકિર્દી ધરાવતો શ્રેષ્ઠવિકલ્પ છે "ફેશન ડીઝાઇનિંગ " જો તમારામાં ફેશન પ્રત્યેની સભાનતા, કળા કે સ્ટાઇલની સાથે સાથે અથાગ મહેનત કરવાની ધગશ હશે તો ફેશન ડીઝાઇનીંગ એ તમારા માટે શ્રેષ્ઠ કારકિર્દીનો માર્ગ બની શકે છે. "ફેશન એટલે પ્રચલિત શૈલી અથવા સ્ટાઇલ". એક તરફ ફેશન ઇન્ડસ્ટ્રીઝ કળાત્મક વિચારો તથા ભૌતિક જરૂરિયાતો સંતોષે છે, તો બીજી તરફ ગ્લેમર, પ્રસિદ્ધિ, સફળતા અને ઉચ્ચ આવક આપનાર ખજાનો બની રહે છે.

જોકે આ ઘણો જ અપેક્ષાયુક્તવ્યવસાય છે, કારણ કે ડિઝાઈનરોએ પોતાની સર્જનાત્મકતા અને સંચાલકીયહુન્નરનો અવારનવાર પરિચય આપવો પડે છે.

"ફેશન ડિઝાઈનીંગ એટલે પોશાક અને લાઈફસ્ટાઈલ એસેસરીઝ માટેની સમર્પિત કળા". જો તમે રંગ, આકાર અને અલંકાર વડે જાદુ સર્જી શકતા હોય અને વસ્ત્રોને સહજ રીતે પહેરી શકતા હોય અને પહેરાવી શકતા હોય તો ફેશન ડિઝાઈનિંગમાં કારકિર્દી ચોક્કસ બનાવી શકાય.

કોર્સમાં પ્રવેશ માટે :-

૧) પ્રોફેશનલ કોર્સ :-

૨) અભ્યાસ (M.A./M.Sc. Home Science)

કાર્યપધ્ધતિ :- ફેશન ડીઝાઈનિંગમાં ખાસ કરીને પોશાક ડીઝાઇનિંગ કરતી વખતે નવા નવા આઇડીયાથી અને કુદરતમાંથી કરીને રંગ, આકાર વિ. પ્રયુક્તિઓ વિચારી શકાય છે. ત્યારબાદ આ વિચારોને મૂર્તિમંતસ્વરૂપ આપવા માટે પહેલા પેપર ઉપર (મોટેભાગે બ્રાઉન પેપર) ઉપર નાના સ્કેલમાપની સાઈઝમાં આકૃતિ દોરવામાં આવે છે.

---

*ડો. રશ્મિ બી. દેસાઈ , ડીપાર્ટમેન્ટઓફ હોમસાયન્સ , શ્રીમતી જે. પી. શ્રોફ આર્ટસ કોલેજ, વલસાડ.

Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

ત્યારબાદ પોશાક (પહેરનારના માપ પ્રમાણે) ફરીવાર મોટા કાગળ પર ઉતારવામાં આવે છે. આ રીતે બનેલ પેટર્નને કટ કરીને પેપરને કાપડ પર લે-આઉટ કરવામાં આવે છે. આ રીતે ડિઝાઇન સંપૂર્ણથાય છે.

જો ખુબજ મોંઘો, કીમતી ડ્રેસ બનાવવાનો હોય તો સસ્તું કપડું લઇ (માદરપાટ વિ.) સીવી લેવાય છે. ત્યારબાદ તેને ડ્રેસ ફોર્મ ઉપર મુકીને જોવામાં આવે છે. જરૂર જણાય તો સુધારાવધારા કરવામાં આવે છે. ત્યારબાદ ઉત્પાદકો મોટેપાયે જે તે પોશાકનું ઉત્પાદન કરે છે અને આ રીતે વિવિધ સ્ટાઈલનાં જુદા જુદા કાપડનો ઉપયોગ કરી વસ્ત્રો તૈયાર કરવામાં આવે છે, જેમ કે જેકેટ, જીન્સ, સ્પોર્ટસવેર વગેરે સ્ત્રી વર્ગ માટે અવનવા વસ્ત્રો, બાળકોના વસ્ત્રો, પુરૂષોના પોશાક વગેરે.

ફેશનની આગાહી કરનાર ફેશનના ટ્રેન્ડસ સેટ કરે છે. માર્કેટીંગ માટે ફેશન-શોનું આયોજન કરવામાં આવે છે.

ફેશન ડિઝાઈનર બનવા માટેની જરૂરી લાયકાત – સ્કીલ – આવડત – દરતીકુ (અ)

- ડિઝાઈનર બનવા માટેની ઈચ્છા
- સૌંદર્યપારખુ દ્રષ્ટિ
- રંગ – રંગયોજનાઓ પ્રત્યે સંવેદનશીલતા
- નવી નવી સ્ટાઈલ વિચારવાની ક્ષમતા
- સારી વાતચીતની કળા
- ધ્યેય સિદ્ધ કરવાની લગન, ધગશ
- ફેશન પ્રત્યે સભાનતા
- સ્કેચ વિ બનાવવામાં રસરુચિ

<- બજાર તેમજ ગ્રાહકોની જીવનશૈલીની સમજ

(બ) લાયકાત તેવી શકાય કરી પ્રાપ્ત

કુદરતી લાયકાતની સાથે વૈજ્ઞાનિક રીતે પદ્ધતિસર લીધેલી તાલીમ પણ અનિવાર્ય છે.

- ફેશન ડિઝાઈનિંગ ઇન્સ્ટીટયૂટમાં :- ધો – ૧૦ કે ૧૨નું શિક્ષણ પ્રાપ્ત કરી એડમીશન મળી શકે છે.

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

- કોલેજમાં હોમસાયન્સ વિષયનો અભ્યાસ (M.A. / M. Sc./-)

નોકરી વ્યવસાયની તકો :-

૧) એક્સપોર્ટ હાઉસ – કે જે ટેક્ષટાઈલ ગારમેન્ટ, હેન્ડલૂ મવિ. એક્સપોર્ટ કરતા હોય.

૨) પ્રોડક્શન ઇન્ડસ્ટ્રી :- પોશાક બનાવવાની ફેક્ટરી

3) રીટેઈલ અને હોલસેલ ગારમેન્ટ બીઝનેસ – પુરૂષો, મહિલાઓ, બાળકોનાં વસ્ત્રો, સ્પોર્ટ્સવેર વિ.

૪) ડ્રેસનું સ્કેચિંગ – (ઓનલાઈન બીઝનેસ પણ કરી શકાય.)

૫) ગવર્મેન્ટ, સેમી ગવર્મેન્ટ સેક્ટરમાં હેન્ડલૂ મ ટેક્ષટાઈલ ઉત્પાદકને ત્યાં નોકરી

૬) ઇવેન્ટ મેનેજર – ફેશન શો આયોજક

૭) ફેશન મેગેઝીન કોલમીસ્ટ, પબ્લીશર્સ

૮) કોસ્ચ્યુમ ડિઝાઈન

૯) ટી. વી. ફિલ્મમાં ફેશન પ્રોગ્રામર, પ્રોડ્યુસર

૧૦) ડિઝાઈનીંગ ઇન્સ્ટીટયુટમાં ટીચર ફેકલ્ટી તરીકે

૧૧) સફળ ડિઝાઈનર્સને ત્યાં નોકરી

૧૨) વ્યક્તિગત બુટીક

૧૩) માર્કેટીંગ

૧૪) ફેશન એસેસરીઝ ડિઝાઈન

૧૫) ક્વોલીટી કંટ્રોલર

૧૬) બ્રાન્ડ પ્રમોટર

૧૭) ફેશન મર્ચેન્ડાઇઝર – માર્કેટીંગ - બજારને લગતા ખરીદનાર અને વેચનાર વચ્ચે મધ્યસ્થી કરવી.

૧૮) મોડેલીંગ

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

ભારત -> ભારતમાં ફેશન ડીઝાઈનીંગનું ચલણ વધવાનું એક કારણ છે. “ભારતીયોની ફેશન પ્રત્યેની સભાનતા” દરેક વ્યક્તિ ફેશનેબલ બનવા માંગે છે. વિવિધ સામાજિક પ્રસંગોએ પણ પોશાક માટે ફાળવવામાં આવતા બજેટમાં ખાસ્સો વધારો કરવામાં આવ્યો છે - થયો છે.

આર્થિક રીતે સધ્ધર થઈ રહેલા ભારતમાં દરેક આધુનિક વસ્તુઓ સાથે ફેશનેબલ વસ્તુઓની માંગ વધી રહી છે.

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે :- આંતરરાષ્ટ્રીય ફલક પર જોઈએ તો રીતુ બેરી, રીતુ કુમાર, રોહીત બાલ

જેવા ફેશન ડિઝાઈનરો દુનિયાભરમાં જાણીતા છે. ગ્લોબલાઇઝેશન (વૈશ્વિકિકરણને) કારણે ભારતીય ડિઝાઈનરો તેમના ફેશન શો વિદેશોમાં પણ યોજે છે. તેથી ઇન્ડોવેસ્ટર્ન ગારમેન્ટ્સ, ડિઝાઈનર સાડી તેમજ બીજા ભારતીય વસ્ત્રોની માંગ વિદેશોમાં વધી રહી છે. ફક્ત પહેરવાના કપડાં જ નહીં ફૂટવેર, ઘરેણા, પર્સ જેવી આનુસાંગિકવસ્તુમાંપણ ડિઝાઈનર તરીકે કારકિર્દી ઘડી શકાય છે. ઉપરાંત

જો કે થોડા નકારાત્મક પાસા પણ છે જેમ કે ,

૧) ખૂબજ ધગશ અને મહેનત જરૂરી

૨) પોતાની કળા અને વિચારોથી સતત અપડેટ રહેવું ફરજિયાત

૩) બુટીકવિ. ખોલવા માટે અધધધ નાણા જરૂરી

તો આવો ......કારકિર્દીનાં ગ્લેમરસ વિકલ્પ વિશે વિચારીએ, જરૂરી માર્ગદર્શન આપીએ.

આભાર

- જો આપણામાં ધગશ અને મહેનત કરવાની તૈયારી હોય.
- આપણી કલા પ્રત્યે છેલ્લામાં છેલ્લી માહિતીથી અપડેટ રહેવાનો સ્વભાવ હોય.

તેમજ બુટિક વગેરે વ્યવસાય માટે પૂરતાંનાણાંની વ્યવસ્થા હોય તો ચોક્કસ સફળતા તમારી રાહ જોઈ રહી છે.